ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ચોથા હપ્તા પેટે કુલ રૂ.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ ફાળવવા બાબત.(વર્ષ ૨૦૨૫-૨૬)

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ **SJED/MIS/e-file/17/2025/1106/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા. As per e-sign

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૨૫/૦૩/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2024/2141/A-1 Section
(૨) આ વિભાગનો તા.૧૭/૦૬/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.
(૩) આ વિભાગનો તા.૨૭/૧૧/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦ ૭/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/0023/01/2026.

**આમુખ:-**

આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના આ વિભાગના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈ પૈકી અનુક્રમે પ્રથમ હપ્તા પેટે રૂા.૨૫.૦૦ લાખ અને બીજા અને ત્રીજા હપ્તા પેટે રૂા.૫૦.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી (વિ.જા.ક.)ને મંજુરી આપેલ છે. નિયામકશ્રી (વિ.જા.ક.) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી ઉક્ત નિગમ માટે ચોથા હપ્તા પેટે કુલ રૂ.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમૂડીની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈમાંથી ચોથા હપ્તા પેટે કુલ રૂ.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :-**

1. અગાઉના વર્ષોના નિગમના હિસાબોની પ્રુફ સીસ્ટમમાં સત્વરે એન્ટ્રી કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
4. સને ૨૦૨૫-૨૬ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.
7. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.
8. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૧૯૦ જાહેર સત્રની

સહાયક અને અન્ય, પેટા સદર: ૦૫ ઓબીસી-૨૧ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શેરમૂડી હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૧૨/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**નકલ રવાના:-**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા માટે.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.03.13 17:23:41 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign